# શરત મંજુર

–આશા વીરેન્દ્ર

રમેશભાઈ નારાજ તો હતા જ, સાથે દુઃખી પણ એટલા જ હતા. એટલે જ આવેશમાં આવીને જે મનમાં આવે એ બોલ્યે જતા હતા, 'દેવું કરીને દીકરાને કાનપુરમાં આઈ.આઈ.ટી. કરાવ્યું. પછી વળી થયું કે, ભણવામાં આટલો હોશીયાર છે અને લખનૌ જઈને આઈ.આઈ.એમ. કરવાની ઈચ્છા છે, તે ભલે ભણતો. આપણા ઘડપણની લાકડી થાય એવું એના સીવાય બીજું છેય કોણ ? એને ભણાવવામાં ને ભણાવવામાં હું વહેલો ઘરડો થઈ ગયો. તે શું આ દીવસ જોવા માટે ?'

પાણીનો ગ્લાસ ધરતાં ઈંદીરાબહેને કહ્યું,

'પાણી પીને શાંત થઈ જાવ. આટલો બધો ઉશ્કેરાટ કરશો તો બી.પી. વધી જશે.'

'જ્યારથી મેં મારા સગા કાને દીકરા-વહુની વાત સાંભળી ત્યારથી બી.પી. તો વધેલું જ છે. હવે વધવામાં શું બાકી રહ્યું છે ?'

આમેય રમેશભાઈનો સ્વભાવ ગરમ. જરાક કંઈક કારણ મળ્યું નથી કે વઘારમાં મુકેલી રાઈની જેમ તતડ્યા નથી. પણ ઈંદીરાબહેન ગજબનાં ઠરેલ અને સમજુ. ગમે તેવી વીકટ પરીસ્થીતીમાંથી રસ્તો કાઢવાની આવડત અને સુઝ એમનામાં હતાં. જો કે, આજે રમેશભાઈ ઉશ્કેરાય એમાં કશું ખોટું નહોતું એ સમજવા છતાં; એમણે હસીને કહ્યું, 'પુરા ૨૮૦ દીવસ એને પેટમાં કોણે રાખ્યો, મેં કે તમે ? જો હું નથી પડી ભાંગી, તો તમે શા માટે આટલા દુઃખી થાવ છો ? ને આપણે એને ભણાવ્યો તો આપણા સ્વાર્થે. એ તો કહેવા નહોતો આવ્યોને, કે મને ભણાવવા માટે લોન લો !'

લખનૌ ભણતો હતો ત્યારે જ સંકેતની સેજલ સાથે ઓળખાળ થયેલી. બે વરસમાં તો બન્ને એકબીજા સાથે પરણવા જેટલાં નજીક આવી ગયાં. બેઉ એકમેકને ટક્કર મારે એવાં તેજસ્વી. મુંબઈ આવ્યાં કે તરત બન્નેને વરસના ૨૨–૨૪ લાખના પેકેજવાળી નોકરી તો મળી જ, સાથે સંકેતને જુહુસ્કીમમાં ચાર બેડરુમવાળો વીશાળ ફ્લેટ પણ કંપનીએ આપ્યો. ઘરનાં વાસ્તુપુજન માટે રમેશભાઈ અને ઈંદીરાબહેન નાલાસોપારાથી આવેલાં. સાંજ પડ્યે ઈંદીરાબહેન નજીકની હવેલીમાં દર્શન કરવા ગયાં, ત્યારે રમેશભાઈ પણ ચાલવા ગયા છે એવું સંકેત અને સેજલે માની લીધેલું; પણ રમેશભાઈ હજી ઘરમાં જ હતા.

'જો સંકેત, મમ્મી-પપ્પા આવ્યાં છે તો ભલે થોડા દીવસ રોકાઈ જાય; પણ હંમેશ માટે તો એમનું નાલાસોપારાનું ઘર જ બરાબર છે.'

'કેમ ?'

'અરે કેમ શું ? આપણી ને એની લાઈફસ્ટાઈલ જ તદ્દન અલગ. આટલી બધી સાહ્યબી એમનાથી હજમ જ ન થાય. પછી નકામા આપણી લાઈફમાં માથાકુટ કર્યા કરે. એના કરતાં એ લોકો ત્યાં ખુશ ને આપણે અહીંયાં. હા, ટાઈમ મળે ત્યારે એમને મળવા જરુર જઈશું ને ફોનથી ખબર તો રોજ પુછીશું જ ને !'

'પણ સેજલ, મને ભણાવવા પપ્પાએ કેટલી મહેનત કરી છે, ખબર છે ? ને બેંકમાંથી લોન લીધી છે એ પણ ભરપાઈ કરવાની બાકી છે અને મમ્મી....'

'તું ખોટાં બહાનાં ન કાઢ. પપ્પાને કહેજે, લોન આપણે ચુકવી દઈશું. બસ ?'

સંકેતે ચુપચાપ સેજલની વાત સાંભળી લીધી – કશાય પ્રતીકાર વીના. બે દીવસ પછી ઈંદીરાબહેન અને રમેશભાઈ નાલાસોપારા જવા તૈયાર થયાં ત્યારે દીકરા-વહુએ 'આવતા રહેજો હં, પાછાં ! તમે કહેશો ત્યારે ગાડી મોકલીશું, લેવા' એમ કહીને વીદાય આપી.

'જુઓ, તમે જરાય હીમ્મત નહીં હારતા. આપણે જે લોન લીધી છે તે આપણે જ ચુકવીશું. તમારો ગણીત, અંગ્રેજી અને વીજ્ઞાન – ત્રણે વીષયો પર કેટલો કાબુ છે ! તમે ટ્યુશન કરવાનાં શરુ કરો.'

'લો, બોલ્યાં, ટ્યુશન શરુ કરો. હવે આ બુઢ્ઢા પાસે કોણ આવશે ટ્યુશન લેવા ?'

'એક વખત પ્રયત્ન તો કરી જુઓ ! તમારી પાસે અનુભવની મુડી છે. ને ચીંતા નહીં કરો. હું પણ તમને પુરો સાથ આપીશ. નોકરીએ જતા લોકોને સવારે કોઈ ટીફીન બનાવી આપે એવી જરુર હોય છે ને તમે કહો છો ને કે, મારી રસોઈ આજે પણ એટલી જ ટેસ્ટી બને છે ! વળી અડોશ-પડોશની ઘણી બહેનોને મારી પાસે બંગાળી મીઠાઈ બનાવતાં શીખવું છે. એ કામ પણ કરી શકાય.'

સાચે જ, ધાર્યું હતું એ કરતાંય બંનેનાં કામ સરસ ચાલવા લાગ્યાં. આજે અચાનક જ સંકેત અને સેજલ આવી પહોંચ્યાં. કંઈક મુંઝાયેલાં લાગતાં હતાં. વાત કરી ત્યારે ખબર પડી કે, સમાચાર તો બહુ સારા હતા. સેજલને ત્રીજો મહીનો જતો હતો. હવે બેઉને ફીકર થવા લાગી હતી. આવનાર બાળકને સાચવશે કોણ ? આટલી ધરખમ પગારવાળી નોકરી છોડવાનું પણ પોસાય એમ નહોતું. સેજલનાં મા-બાપ હતાં નહીં. એ કાકા-કાકી પાસે મોટી થઈ હતી. આઈ-બાબાના સહારા વીના બાળકનો ઉછેર શક્ય નહોતો. એટલે જ, બન્ને, હવે ત્યાં આવીને રહે એવી વીનંતી કરવા સંકેત અને સેજલ આવ્યાં હતાં.

'તારી માને આવવું હોય તો ભલે આવે, મારી ના નથી; પણ હું નહીં આવું. હું અહીં એકલો રહીશ.' રમેશભાઈ મોઢું ચઢાવીને આડું જોઈને બોલ્યા. ઈંદીરાબહેન હસીને એમની સામે જઈને ઉભાં રહ્યાં.

'તમને સાવ એકલા મુકીને હું થોડી જ જવાની છું ? ને હવે બે-જીવ સોતી વહુને પણ સંભાળવી જ પડે. મારી હાલત તો સુડી વચ્ચે સોપારી જેવી થવાની. સંકેત, મને એક ઉપાય સુઝે છે. સંકેત, એમ કરજે કે, દર શુક્રવારે સાંજે બાબાને નાલાસોપારા પહોંચાડી દેવાના. શની-રવી એ ટ્યુશન કરશે ને સોમવારે પાછા જુહુ આવી જશે.' સંકેત ગળગળો થઈ ગયો, 'હું સમજું છું, કે તમને અમારા પર ભરોસો જ નથી રહ્યો; પણ બાબા હવે હાડમારી ન ભોગવે તો સારું !'

સેજલે ઈંદીરાબહેનનો હાથ પકડી લેતાં કહ્યું, 'મા, હવે જ્યારે હું પોતે મા બનવા જઈ રહી છું ત્યારે મને સમજાય છે કે, તમારી સાથેના વર્તનમાં મેં કેટલી મોટી ભુલ કરી છે ! પ્લીઝ, અમને ભુલ સુધારવાનો મોકો આપો.' ઈંદીરાબહેને સ્નેહથી કહ્યું, 'હશે, જે થયું તે થયું. ભુલ્યા ત્યાંથી ફરી ગણવાનું. પણ અમે અમારી શરતે જ ત્યાં આવીશું. સૌથી પહેલી શરત એ કે, હું ને બાબા અમારી કમાઈમાંથી જ દેવું ચુકવશું. બીજું કે, અમારા નાલાસોપારાનું આ ઘર વેચીશું નહીં અને ત્રીજી વાત એ કે, આપણાં બાળકને તો હું ઉછેરીશ જ; પણ સાથે બીજાં બાળકો માટે પારણાંઘર ચલાવીશ. બોલો, છે મંજુર ?'

સેજલની આંખો સજળ થઈ ગઈ. 'મા, તમે અમને બાંધી લીધાં. પોતાના ઘરે આવવા માટે પણ આવી શરતો મુકવાની ? ખેર ! પણ મંજુર, મંજુર કહ્યા વીના અમારો છુટકો જ નથી.'

(મનોહર જોગલેકરની મરાઠી વાર્તાને આધારે) -

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક :

બી–401, 'દેવદર્શન', હાલર, વલસાડ– 396 001 ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

◆●◆

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: દસમું – અંક: 297 – June 02, 2014

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

નવ વરસથી ચાલતી આ 'સ.મ.'ની 'સુ–વાચનયાત્રા'માં આજે આ 297મી રચના મોકલાઈ રહી છે.. એની સઘળી રચનાઓની અગીયાર 'ઈબુક્સ' થઈ છે અને તે સઘળી મફત ડાઉનલોડ કરવા અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/ebooks/ પર, સાથેસાથે http://www.ekatrafoundation.org/books/ પર અને http://aksharnaad.com/downloads/ પર પણ મુકાઈ ગઈ છે જે આપ સૌ જાણો છો.

હવે એમાંથી 80 જેટલી 'સ.મ.' તો 'કાવ્ય–ગઝલો'ની મુકાઈ ! જેમાં ગઝલો, સોનેટ, ગીતો, મુક્તકો, અછાંદસ, હાઈકુ રચનાઓનું ભારોભાર વૈવીધ્ય છે. ગઝલરસીયા વાચકોના આગ્રહને વશ, અમે બીજી બે ઈબુક્સ 'ગઝલ–કાવ્યસૃષ્ટી'ના નામે બનાવી, તે બન્ને ઈબુક્સ હવે ફ્રી ડાઉનલોડ થઈ શકે તે માટે : પહેલી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part1.pdf લીંક પર અને બીજી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part2.pdf લીંક પર મુકી છે.. ક્લીક કરશો કે તરત જ બુક ડાઉનલોડ થવા માંડશે અને તે પછી તેને, તમે ચાહો તે સ્થળે સેવ કરી, તેમાંની સમર્થ કવીઓની હજારેક જેટલી રચનાઓ માણી શકશો.. ડાઉનલોડ ને સેવનો વીધી ન ફાવે તો મને લખજો. બન્ને બુક્સ હું તમને મોકલી આપીશ.

..ઉત્તમ.મધુ ગજ્જર.. uttamgajjar@gmail.com

@@@@@

More than 2,97,70,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 30,05,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 6,38,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@